# સુરેન્દ્રનગરમાં અગ્નિવર્ષા, તાપમાન 44 ડિગ્રી

**આગામી** દિવસોમાં રાજ્યમાં હજી 3 ડિગ્રી ગરમી વધવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં કાળઝાળ ગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે સુરેન્દ્રનગરમાં રાજ્યનું સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. હવામાન વિભાગે આગામી દિવસોમાં ગરમીમાં વધુ 2 થી 3 ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. જેમાં રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલી અને કંડલા એરપોર્ટ પર પણ 43 ડિગ્રી ગરમી નોંધાઈ હતી. વડોદરામાં 42 ડિગ્રી, ડીસામાં 42 ડિગ્રી, ભૂજ, કંડલા પોર્ટ, કેશોદ અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી, ભાવનગરમાં 40 ડિગ્રી જ્યારે સુરતમાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ વધતા ગરમી સાથે બફારાનો પણ અનુભવ થયો હતો.

છેલ્લા 24 કલાક દરમિયાન દમણ વિસ્તારમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો, જ્યારે ગુજરાત રીજન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં તાપમાનમાં ખાસ કોઈ ફેરફાર નોંધાયો નથી. કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું.હવામાન વિભાગ મુજબ પૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં ઉપરના સ્તરે સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે. સાથે જ રાજ્ય પર નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે.

### આગામી દિવસોમાં હીટવેવની આગાહી

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં 41 થી 44 ડિગ્રી તાપમાન નોંધાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં 10 મેથી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળું વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે. હીટવેવની સ્થિતિ સુરત, વડોદરા, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ અને આણંદ જિલ્લામાં રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહી શકે છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે મુખ્યત્વે આકાશ સ્વચ્છ રહેવાની આગાહી કરી છે. શહેરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

### દક્ષિણ ભારત પાસે લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની શક્યતા

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર હાલમાં વાતાવરણમાં રોસ્બી વેવ વોર્ટિસિસ સક્રિય બનતા જોવા મળી રહ્યા છે. બંગાળની ખાડી અથવા અરબી સમુદ્ર વિસ્તારમાં લો-પ્રેશર સિસ્ટમ વિકસિત થવાની શક્યતા છે. આ સિસ્ટમના કારણે દક્ષિણ ભારત અને શ્રીલંકા નજીકના વિસ્તારોમાં આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર જોવા મળી શકે છે. સાથે જ મોનસૂન પવન મજબૂત બનતા દક્ષિણ આંદામાન સમુદ્ર તરફ મોનસૂનની ગતિ આગળ વધવાની સંભાવનાઓ પણ વ્યક્ત થઈ રહી છે.

# વિજયે તામિલનાડુની ચૂંટણી જીતવા માટે સોશ્યલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કર્યો હતો



તમિલ ફિલ્મસ્ટાર જોસેફ વિજયની પાર્ટી TVK તામિલનાડુ વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. જાતજાતની અટકળો વચ્ચે રાજ્યપાલ દ્વારા તેમને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમણે અને તેમની ટીમે બે રાજકીય પક્ષો વચ્ચે ઝૂલતા તમિલનાડુના રાજકારણમાં અસરકારક અભિયાન ચલાવીને પોતાના માત્ર બે વર્ષ જૂના પક્ષ માટે એક સ્થાન બનાવ્યું છે. મતદારોને આકર્ષવા માટે રાજકીય પક્ષોના નેતાઓ અને કાર્યકરો સામાન્ય રીતે જાહેર સભાઓ કરે છે અથવા ઘરે ઘરે જઈને પ્રચાર કરે છે, પરંતુ TVK યંગ મતદરોને આકર્ષવા માટે એક સોશ્યલ મીડિયા ઝુંબેશ શરૂ કરી, જેમાં ટેક્નોલોજીનો ઉપયોગ એ જ રીતે કરવામાં આવ્યો જે રીતે ગ્રાહક ઉત્પાદનના માર્કેટિંગમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઝુંબેશમાં યુવાનો, ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો અને મહિલાઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા, જે બધાએ એક શાંત પણ અસરકારક રીતે ઝુંબેશ ઊભી કરી દીધી હતી.

રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય લીધા પછી વિજયે જે વાતો કહી તે લોકોના હૃદયને સ્પર્શી ગઈ. આજે વિજય તમિલનાડુનો સૌથી મોટો અને લોકપ્રિય ફિલ્મસ્ટાર છે. તે એક ફિલ્મ માટે ૨૦૦ કરોડ રૂપિયા સુધી ચાર્જ કરે છે. તેથી જ્યારે તેણે રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો, ત્યારે તેણે લોકોને કહ્યું કે જુઓ, હું મારી ૨૦૦ કરોડ રૂપિયાની કમાણી છોડીને તમારા માટે આવી રહ્યો છું. આ સંદેશ સીધો સામાન્ય લોકોના હૃદયને સ્પર્શી ગયો હતો. આ તેમની પહેલી મોટી સફળતા હતી. આ પછી તેમણે લોકો સાથે બીજું ભાવનાત્મક જોડાણ બનાવ્યું. વિજયે કહ્યું કે હું તમારો બાળક છું, કૃપા કરીને મારી સંભાળ રાખજો. રાજકારણીઓ મતદારો સાથે ભાવનાત્મક જોડાણ બનાવવાનો પ્રયાસ કરે છે તે કંઈ નવું નથી, પરંતુ વિજયે એક નવો રસ્તો પસંદ કર્યો. બાળકોને સીધું સંબોધન કરતાં તેમણે કહ્યું કે તમારાં માતા-પિતા, કાકા, કાકી, દાદા-દાદી, સાળા અને ભાભીઓને કહો કે આ વિજય મામાને એક તક આપે. બાકીના બે પક્ષોને પહેલેથી જ તક આપવામાં આવી છે.

**દૂધ પોઈન્ટ**

**સંજય વોરા**

વિજયના રાજકારણમાં પ્રવેશનો પાયો તેમના પિતા ફિલ્મ દિગ્દર્શક ચંદ્રશેખરન દ્વારા ઘણા સમય પહેલાં નાખવામાં આવ્યો હતો. ચંદ્રશેખરન કોઈ સામાન્ય દિગ્દર્શક નહોતા. તેમણે સુપરસ્ટાર રજનીકાંતનું દિગ્દર્શન પણ કર્યું હતું. છેલ્લાં ૧૦-૧૫ વર્ષોમાં વિજયની ફિલ્મોનું ધ્યાન તેમની એવી છબી બનાવવા પર રહ્યું છે જે સ્ત્રીઓ અને બાળકોને આકર્ષિત કરે. વિજયનું ચૂંટણી પ્રતીક સીટી તેમની તમિલ ફિલ્મ બિગિલમાંથી લેવામાં આવ્યું છે, જે ચક દે ઈન્ડિયાની રીમેક છે, જેમાં શાહરૂખ ખાન હોકી ટીમના કોચની ભૂમિકા ભજવે છે. બિગિલમાં વિજય એક ફૂટબોલ ટીમને કોચ કરે છે. જો તમે બિગિલ જોશો, તો તમને તેમાં વિજયના બધા યુવાન, વૃદ્ધ અને સ્ત્રી મતદારો દેખાશે. ૨૦૨૧ માં આવેલી તેમની એક ફિલ્મ બાળકો અને સુધાર ગૃહો પર કેન્દ્રિત હતી. તેમાં તેમણે પોતાને એક રક્ષક તરીકે રજૂ કર્યા છે. આ ખૂબ જ કાળજીપૂર્વક રચાયેલી છબી છે. લોકો માને છે કે જો તેઓ સત્તામાં આવશે, તો તેઓ તેમને મદદ કરશે. રાજકારણીઓથી વિપરીત, વિજય લાંબાં ભાષણો આપતા નથી. તેમની શૈલી ફિલ્મોની જેમ પંચ સંવાદો સાથે સરળ રહી છે.

વિજયે આખા રાજ્યનો પ્રવાસ કરીને ભાષણો આપ્યાં નહીં. તેમણે ફક્ત ૧૦ કે ૧૫ જાહેર સભાઓ અને રોડ શો કર્યાં. રજનીકાંત અને કમલ હાસનની જેમ વિજયમાં પણ દ્વિ-પેઢીનું આકર્ષણ છે, પરંતુ તેમણે સીધાં બાળકોને સંબોધ્યાં. ડીએમકેના એમ.કે. સ્ટાલિન બાળકોને કહેતા હતા કે સારી રીતે અભ્યાસ કરો, તમારાં માતાપિતા તમારા પર વિશ્વાસ કરે છે. એઆઈએડીએમકેના પલાનીસ્વામી શૈક્ષણિક સંસ્થાઓ માટે બનાવેલી માળખાકીય સુવિધાઓ વિશે વાત કરતા હતા. પરંતુ વિજયનો સંદેશ હતો કે સીટી વગાડો અને તમારાં માતા-પિતાને તમારા માટે મત આપવાનું કહો. જ્યારે લોકો તમારા પર આટલો બધો વિશ્વાસ કરે છે અને તમને ખૂબ પસંદ કરે છે, ત્યારે તમારે બાળકો સાથે શિક્ષણ અને જવાબદારી વિશે પણ વાત કરવી જોઈએ.

વિજય આગામી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે એમ પણ કહ્યું છે કે મને સત્તા આપો અને પછી જુઓ હું શું કરું છું. વિજયની પાર્ટીના ઉમેદવારો સામાન્ય લોકો છે. આમાં વાન ડ્રાઇવરો અને માંસની દુકાનના માલિકો પણ સામેલ છે જેમણે ૧૦મું ધોરણ પાસ કર્યું છે. આવાં લોકો ચૂંટણી જીતી ગયા છે. તેમની સરકાર સામાન્ય લોકોની સરકાર હશે. આ ઉપરાંત, પાર્ટીએ અનુસૂચિત જાતિ પરિવારોનાં આઠ ઉમેદવારોને ટિકિટ આપી હતી અને તેમાંથી ચાર સામાન્ય બેઠકો પરથી જીત્યાં હતાં, આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે દ્રવિડિયન પક્ષો પર ઘણી વાર દલિત મુદ્દાઓ પર નબળા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વિજયની જાહેર છબી ખૂબ કાળજીપૂર્વક બનાવવામાં આવી છે. પત્રકારો 'અછત અસર'ને ઉદાહરણ તરીકે ટાંકે છે, જેનો ઉપયોગ માઈકલ જેક્સન દ્વારા કરવામાં આવ્યો હતો. અછતની અસરનો અર્થ એ છે કે વ્યક્તિ એટલી દુર્લભ અને અસ્પષ્ટ બની જાય છે કે તે પોતાનામાં એક બ્રાન્ડ બની જાય છે. આ કારણે લોકો તેમને જોવા માટે ઝંખતાં હતાં. આનાથી તેમની આસપાસ એક અલગ જ આભાનું નિર્માણ થયું. ટીવીકેએ એક મોબાઇલ એપ પણ લોન્ચ કરી. પાર્ટીએ એપ કયા વિસ્તારોમાં સૌથી વધુ ડાઉનલોડ થઈ હતી તેનો ડેટા એકત્રિત કર્યો અને તેનો ઉપયોગ એવા વિસ્તારોને ઓળખવા માટે કર્યો જ્યાં તેની લોકપ્રિયતા સૌથી વધુ હતી.

વિજયની સફળતાનું બીજું મહત્ત્વનું પાસું બૂથ મેનેજમેન્ટ હતું. વિજયનાં ચાહકોનું નેટવર્ક ખૂબ જ મજબૂત અને ભાવનાત્મક રીતે સમર્પિત બન્યું. તેમનું એકમાત્ર લક્ષ્ય વિજયને મુખ્યમંત્રી બનાવવાનું હતું. આ જ કારણ છે કે ટીવીકે પાસે બૂથ સ્ટ્રક્ચર કે પ્રચાર મશીનરી નહોતી એમ કહેવું જૂની ચૂંટણી વિચારસરણી છે. ટીવીકેએ સોશ્યલ મીડિયા અને ટેકનોલોજી પર આધારિત ચૂંટણી રાજકારણનો નવો યુગ રજૂ કર્યો. વિજયના સોશ્યલ મીડિયા પર લગભગ ૧.૬૯ કરોડ ફોલોઅર્સ છે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ૨૦ મિનિટના ભાષણમાં વિજયે બાળકોને સીધા સંબોધિત કરતાં કહ્યું કે જ્યારે તમને કિન્ડર જોય અથવા ચોકલેટ જોઈએ છે, ત્યારે તમે તમારાં માતાપિતાને ત્યાં સુધી હેરાન કરો છો જ્યાં સુધી તેઓ તે ખરીદીને તમને ન આપે. તેવી જ રીતે તેમને વ્હિસલ પ્રતીક માટે મત આપવા કહો. તે જ રાતથી ઇન્સ્ટાગ્રામ અને એક્સ પર પાંચ-છ વર્ષનાં બાળકોના વીડિયો દેખાવા લાગ્યા, જેમાં તેઓ રડી રહ્યાં હતાં અને તેમનાં માતાપિતાને વિજય મામા માટે મત આપવા માટે કહી રહ્યાં હતાં અને મજાકમાં તેમને ધમકીઓ પણ આપી રહ્યાં હતાં.

ઘણાં વાલીઓએ પણ આવા વીડિયો શેર કર્યા હતા. રાજકીય રીતે વિજયે પોતાનું સમગ્ર રાજકીય વર્ણન ડીએમકે વિરુદ્ધ ટીવીકેની આસપાસ બનાવ્યું હતું. તેમણે એઆઈએડીએમકેને સંપૂર્ણપણે અવગણ્યું અને તેમનું નામ પણ લીધું નહીં. તેમણે કહ્યું કે તે ફક્ત ડીએમકે અને ટીવીકે વચ્ચેની લડાઈ હતી અને તમિલનાડુના રાજકારણમાં ભાજપનો બહુ પ્રભાવ ન હોવાથી, તેમણે સ્પષ્ટપણે કહ્યું કે આપણો રાજકીય હરીફ ડીએમકે છે, જ્યારે આપણો વૈચારિક હરીફ ભાજપ છે. લોકો તેમની સરખામણી એમજીઆર, કરુણાનિધિ અને એન.ટી. રામારાવ જેવા નેતાઓના યુગ સાથે કરી રહ્યા છે. જો તમે એમજીઆરની ફિલ્મો જુઓ છો, તો તેમણે ક્યારેય દારૂ પીધો નથી, ક્યારેય તમાકુનો ઉપયોગ કર્યો નથી અને ભાગ્યે જ નકારાત્મક ભૂમિકાઓ ભજવી હતી. તેમની છબી હંમેશા તેની માતા માટે એક સારા પુત્ર, તેની બહેન માટે એક સારા ભાઈ અને એક સારા પતિ જેવી રહી છે. વિજયની જેમ આંધ્ર પ્રદેશના એન.ટી. રામારાવની પણ કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ નહોતી. તેમણે તેલુગુ દેશમ પાર્ટીની રચના કરી અને એક વર્ષમાં જ મુખ્યમંત્રી બની ગયા હતા.

**વિજયના સોશ્યલ મીડિયા પર લગભગ ૧.૬૯ કરોડ ફોલોઅર્સ છે. ટીવીકેએ સોશ્યલ મીડિયા અને ટેકનોલોજી પર આધારિત ચૂંટણીના રાજકારણનો નવો યુગ રજૂ કર્યો છે**

# અમદાવાદના 34 વર્ષ જૂના હત્યા કેસમાં પતિ અને જેઠની ધરપકડ

**ફરજાના** નામની યુવતીનો મૃતદેહ ઘરના ખાળકૂવામાં જ દાટી દીધો હતો

અમદાવાદ : અમદાવાદ શહેરના વટવામાં વર્ષ 1992માં થયેલી યુવતીની હત્યાના 34 વર્ષ જૂના ગુનાનો ભેદ ઉકેલી ક્રાઈમ બ્રાન્ચે મૃતક ફરજાના ઉર્ફે શબનમના પતિ સમસુદ્દીન ખેડાવાળા અને તેના જેઠ ઈકબાલ ખેડાવાળા (બંને રહે, જમાલપુર)ની ધરપકડ કરી છે. પોલીસ તપાસ મુજબ, વર્ષ 1992માં ફરજાના નામની યુવતીની હત્યા કરી તેનો મૃતદેહ ઘરમાં ખોદેલા (ખાળકૂવા) ખાડામાં દાટી દેવામાં આવ્યો હતો. વર્ષો સુધી આ ગુનો રહસ્ય જ રહ્યો હતો, પરંતુ ક્રાઈમ બ્રાન્ચે જૂના રેકોર્ડ્સ, ટેકનિકલ સોર્સ અને વૈજ્ઞાનિક તપાસના આધારે કેસ ફરી ખોલતાં ચોંકાવનારો ખુલાસો થયો હતો.

### શું હતી સમગ્ર ઘટના?

પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, ફરજાના મૂળ ધોળકાની રહેવાસી હતી. 17થી 18 વર્ષની ઉંમરે તેના લગ્ન સુરતમાં થયા હતા, પરંતુ એક વર્ષમાં જ તે પિતાના ઘરે પરત ફરી હતી. બાદમાં તે દેહવ્યાપાર સાથે સંકળાઈ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પરિવારજનો તેની જીવનશૈલીથી અસંતોષમાં હોવાથી તેમણે ક્યારેય તેની શોધખોળ કે પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. અમદાવાદ આવ્યા બાદ ફરજાનાનો પરિચય સમસુદ્દીન સાથે થયો હતો અને બંનેએ લગ્ન કર્યા હતા. જોકે લગ્ન પછી પણ ફરજાનાએ પોતાની અગાઉની પ્રવૃત્તિ ચાલુ રાખતાં પતિ સાથે સતત વિવાદ રહેતો હતો. આથી કંટાળેલા સમસુદ્દીને પોતાના મોટા ભાઈ ઇકબાલ, મિત્ર અબ્દુલ કરીમ અને સાલિયાબીબી સાથે મળીને ફરજાનાની હત્યાનું કાવતરું રચ્યું હતું. પોલીસ સુત્રો મુજબ અબ્દુલ કરીમ અને ઇકબાલે અગાઉથી જ મકાનમાં ખાડો ખોદાવી તૈયાર રાખ્યો હતો. એક રાત્રે ફરજાના ઊંઘમાં હતી ત્યારે આરોપીઓએ ગળું દબાવી તેની હત્યા કરી હતી અને બાદમાં મૃતદેહ ખાડામાં દાટી દીધો હતો. કોઈને શંકા ન જાય તે માટે ઉપરથી પ્લાસ્ટર પણ કરાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે હત્યામાં સંડોવાયેલા અન્ય બે આરોપી સાલિયા બીબી અને અબ્દુલ કરીમના અગાઉ જ મૃત્યુ થઈ ચૂક્યા છે. સાલિયા બીબીનું અંદાજે 14 વર્ષ પહેલાં અવસાન થયું હતું, જ્યારે અબ્દુલ કરીમનું પણ મોત થઈ ગયું હોવાનું પોલીસે જણાવ્યું છે. હાલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને વધુ પૂછપરછ શરૂ કરી છે. 34 વર્ષ બાદ ખુલેલા આ કેસે શહેરમાં ભારે ચકચાર મચાવી છે.

### ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ

મહિલાની હત્યા કરાઈ છે અને તેણીના પ્રેતાત્માથી રક્ષણ મેળવવા ઘરમાં વિધી ચાલી રહી છે તેવી ચોક્કસ બાતમી મળતા જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે મેજિસ્ટ્રેટ અને એફએસએલ (FSL) ની ટીમને સાથે રાખી વટવાના કુટુંબ નગર ચોક સ્થિત મકાનમાં ખોદકામ શરૂ કર્યું હતું. કૂવામાંથી નરકંકાલના અવશેષો અને અન્ય પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. ક્રાઇમ બ્રાન્ચના સુત્રોએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન ઘરમાં ખોદકામ કરાવતાં અંદાજે 20 ફૂટ ઊંડેથી માનવ કંકાલ મળી આવ્યો હતો. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, FSL અને મેડિકલ એક્સપર્ટની હાજરીમાં કરવામાં આવેલી કાર્યવાહી બાદ કંકાલને સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

### ડિપ્લોમાંથી ડિગ્રી-2026નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર થશે

અમદાવાદ : ડીપ્લોમાંથી ડીગ્રી-2026નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. ત્યારબાદ જૂન મહિનાના બીજા સપ્તાહથી ડિપ્લોમાથી ડિગ્રી એન્જિનિયરિંગ પ્રવેશ પ્રક્રિયા માટે ઓનલાઇન નોંધણી શરૂ કરવામાં આવશે. પ્રવેશ સમિતીના સુત્રોના જણાવ્યા પ્રમાણે સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ ડિપ્લોમાથી ડિગ્રી માટેનું મેરીટ માત્ર DDCET-2026માં મેળવેલા રેન્કના આધારે જ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, પરીક્ષામાં પ્રાપ્ત ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સરકાર દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવતા નિયમો અને માર્ગદર્શિકાઓને આધિન રહીને કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓને જરૂરી દસ્તાવેજો અને ઓનલાઇન નોંધણી માટે સમયસર તૈયારી રાખવા સૂચના આપવામાં આવી છે. પ્રવેશ સંબંધિત વધુ માહિતી માટે ઉમેદવારોને વેબસાઇટ જોતા રહેવા અપીલ કરવામાં આવી છે.

## BUSINESS મિત્ર

# યુદ્ધવિરામની આશાએ બજારમાં 'બુલ રન'

**શેરબજારમાં** ફુગાવાના ડેટા, જીયો પોલીટીકલ ટેન્શન અને કોર્પોરેટ કમાણી પર ધ્યાન કેન્દ્રિત રહેશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

અમદાવાદ, તા. 9: અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ કામચલાઉ અને શાંતિ મંત્રણા અંતિમ તબક્કા પર પહોંચી છે, પણ હજુય કામચલાઉ તબક્કામાં છે, પણ આ સમાધાન થવાની શક્યતાએ રોકાણકારોના સેન્ટિમેન્ટ સુધરતા બજારમાં સુધારાની ચાલ જોવા મળી હતી.

જોકે, આગામી દિવસોમાં ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ મંત્રણા પુરી થવાની શકયતા છે, પણ આ આશાવાદ કયારે પુર્ણ થાય છે, તે જોવાનું રહે છે. ત્યાં સુધી ભારતીય સહિત વૈશ્વિક બજારોમાં અસ્થિરતાનો માહોલ જોવા મળી શકે છે. જોકે, હવે ફરીથી યુદ્ધ શરૂ થવાની શક્યતાઓ ખૂબજ ઓછી છે. જેના લીધે ભારતીય શેરબજારમાં તેજી ફરીથી શરૂ થઇ શકે છે. પણ વૈશ્વિક ફુગાવો ઉંચો રહેવાની સંભાવના પગલે તેજી લાંબી રહે તેવી સંભાવના નથી.

વૈશ્વિક મેક્રો અને ભૌગોલિક રાજકીય વિકાસ પ્રત્યે સંવેદનશીલતા સાથે ભારતીય શેરબજાર આગામી ટ્રેડિંગ સપ્તાહમાં આગળ વધશે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે ઉર્જા બજારોને અસ્થિર રાખવામાં આવ્યા હતા, જેમાં બ્રેન્ટ ક્રુડ બેરલ દીઠ 100 ડોલરથી ઉપર રહ્યું હતું. જે આયાતી ફુગાવો, ચલણની સ્થિરતા અને વૈશ્વિક વૃદ્ધિની ચિંતા વધારી રહ્યું હતું.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 414.69 પોઈન્ટ એટલે કે 0.54 ટકા વધીને 77328.19 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી 178.60 પોઈન્ટ એટલે કે 0.74 ટકા વધીને 24176.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં પણ ઝડપી રીકવરી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 3.42 ટકા ઉછળીને 16637.99 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 4.33 ટકા ઉછળીને 6969.98 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

વિતેલા સપ્તાહમાં ચુંટણી પંચ દ્વારા યોજવામાં આવેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીના પરિણામોની અસર પણ જોવા મળી હતી. જેમાં પશ્ચિમ બંગાળમાં ભાજપનો વિજય થયો હતો. જેની બજાર પર પોઝિટિવ અસર પડી હતી. આ સિવાય મિડીયા રિપોર્ટ અનુસાર અમેરિકા અને ઈરાન મીડલ ઈસ્ટમાં પુર્વમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી એક કરારની નજીક આગળ વધી શકે છે. વ્હાઈટ હાઉસનું માનવું છે કે તે ઈરાન સાથે એક પાનાના સમજૂતી કરાર પર સોદાની નજીક છે, જે વ્યાપક પરમાણુ વાટાઘાટો માટે એક માળખું બનાવશે.

મેક્રો ઈકોનોમી દ્રષ્ટિએ જોઈએ તો ભારતની મેન્યુફેકચરીંગની ગતિમાં માત્ર સાધારણ સુધારો જોવા મળ્યો હતો, જેમાં મેન્યુફેકચરીંગ પીએમઆઇ માર્ચમાં સુધારો જોવાયો હતો. સર્વિસીસ પીએમઆઇ પણ વધ્યો હતો.

# બેફામ ટાંચ મૂકવા બદલ... જોઈન્ટ કમિશનર, સ્ટેટ, મુંબઈને ... કોસ્ટ ચૂકવવાનો આદેશ કરતો..

## નામદાર બોમ્બે હાઈકોર્ટનો... અગત્યનો ચૂકાદો...

**કાયદાની કેડીએ...**

**ઈશ્વર રૂદલાલ**

GST કાયદા હેઠળ અધિકારીને કલમ 83 હેઠળ ટાંચ મૂકવાની સત્તા આપવામાં આવી છે. આ કલમ હેઠળ મિલકત તથા બેંક ખાતા ઉપર પ્રોવિઝનલ એટેચમેન્ટ મૂકવાની સત્તા છે. ત્યારે... કાયદાની જોગવાઈનું પાલન કર્યા વગર, જોઈન્ટ કમિશનર, સૂટ ટેક્ષ, મુંબઈ દ્વારા બેફામ ટાંચ મૂકી દેવામાં આવી ત્યારે... નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્વારા કલમ 83ની જોગવાઈનું પાલન કર્યા વગર જે જોઈન્ટ કમિશનર, સૂટ, મુંબઈ દ્વારા ટાંચ મૂકવામાં આવી, તેઓને રૂા. 25000ની કોસ્ટ ચૂકવવાનો આદેશ કર્યો અને તમામ ટાંચ હટાવી લેવાનો આદેશ કર્યો. ખેર! નામદાર બોમ્બે હાઈકોર્ટના નિવાસ ઈન્ફ્રા ડેવલપર્સ એલએલપી વિ. યુનિયન ઓફ ઈન્ડીયાના રી.મી.ને. 7888/2026ના તા. 2-4-26ના ખૂબ તાજેતરના ચૂકાદા તરપ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

અરજદારના કેસમાં જોઈન્ટ કમિશનર ઓફ સૂટ ટેક્ષ, ઈન્વેસ્ટીગેશન, મુંબઈ દ્વારા તા. 23 જાન્યુઆરી, 2026ના નમૂના DRC-23માં વિ એટેચમેન્ટ કોમ્યુનીકેશન ઈસ્યુ કરવામાં આવ્યો અને તેજ દિવસે એટેચમેન્ટ ઓર્ડર દ્વારા અરજદારના બધા જ બેંક ખાતા ઉપર ટાંચ મૂકી દેવામાં આવી. તો અરજદાર દ્વારા તા. 30 જાન્યુઆરી, 2026ના રોજ વિસ્તૃત કાગળ લખીને પ્રોવીઝનલ એચિમેન્ટ ઓર્ડર વિરૂધ્ધ વાંધા રજૂ કર્યા ઉપરાંત અન્ય સિક્યુરિટી ઓફર કરી. ઉપરાંત અરજદારે તે કાગળ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટના રાધાક્રીષ્ણ ઈન્ડસ્ટ્રીઝ વિ. હિમાચલ રાજ્યના ચૂકાદા માં નિર્દીષ્ટ કાયદાકીય જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું. પરંતુ તે રજૂઆતને અવગણીને પ્રોવીઝનલ ટાંચ ચાલુ રાખવામાં આવી.

**રજૂઆત...**

અરજદારના વિશ્વાન કાઉન્સેલે રજૂઆત કરતા જણાવ્યું કે જોઈન્ટ સ્ટેટ કમિશનર દ્વારા કોઈ પણ જાતના કાયદાના સિધ્ધાંતો અનુસરવામાં આવ્યા નથી. કોઈ પણ અભિપ્રાય પર આવ્યા વગર, ટાંચ મૂકવામાં આવી છે. તો વિધ્વાન કાઉન્સેલ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટના રાધાકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝના ચૂકાદા પર આધાર રાખવામાં આવ્યો, જેમાં ના.સુપ્રિમકોર્ટે કલમ 83 સંદર્ભે જણાવ્યું કે પ્રોવિઝનલ એટેચમેન્ટ ચૂકવવાની સત્તા અને કઠોર સ્વરૂપની છે. તો આ કેસમાં એટેચમેન્ટ ઓર્ડર પરથી સ્પષ્ટ થાય છે તેમ ફરજિયાત પ્રોસીજર અનુસરવામાં આવ્યો નથી કે કોઈ પણ અભિપ્રાય પર આવ્યા વગર પ્રોવીઝનલ ટાંચ મૂકવામાં આવી છે.

**ચૂકાદો...**

નામદાર બોમ્બે હાઈકોર્ટે એટેચમેન્ટ ઓર્ડર ઈસ્યુ કરવામાં આવ્યો તે જ દિવસે આપવામાં આવેલી ઈકરીમેશન નોટિસની ગંભીર નોંધ લીધી. આમ અરજદારના બેંક ઉપર અતિ કઠોર ટાંચ મૂકવામાં કાયદાની જરૂરિયાત અને મેન્ડેટની સંપૂર્ણ અવગણવામાં આવી છે. અરજદારની તા. 30 જાન્યુઆરીની રજૂઆત ધ્યાને લેવાની સંબંધિત અધિકારીએ કોઇ તસ્દી લીધી નથી. અરજદારે અન્ય સિકયુરીટી ઓફર કરવા ઉપરાંત કાયદાની સંપૂર્ણ માહિતી આપી છે. અને ના.હાઈકોર્ટે કેસની તમામ હકીકતો ધ્યાને લેતા જોઈન્ટ કમિશ્નરને રૂા. 25000ની કોસ્ટ બે મહિનામાં ચૂકવવાનું ફરમાવ્યું. તો. તા. 23-1-26નો એટેચમેન્ટ ઓર્ડર ગેરકયાદેસર ઠેરવી દૂર કરી તમામ ટાંચ હટાવી લેવાનું ફરમાવ્યું.

# યસ બેન્ક પર RBIનો દંડો

નવી દિલ્હી, તા. 9. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ભારતની ખાનગી યસ બેન્ક વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. બેન્કે એક્સચેન્જ ફાઈલીંગમાં માહિતી આપી હતી કે, આરબીઆઈએ કેવાયસી ડિફોલ્ટ માટે તેના પર દંડ લાદ્યો છે. તેની અસર સોમવારે બેન્કના શેર પર પણ જોવા મળી શકે છે. બેન્કે કહ્યું હતું કે તેણે 50.89 લાખ નવા શેર જારી કર્યા છે. બેન્કે આ શેર એમ્પ્લોઇ શેર સ્કીમ-ઈએસઓપી હેઠળ જારી કર્યા હતા. જેનાથી તેમને 7.13 કરોડ રૂપિયાની કમાણી થઈ છે અને હવે આરબીઆઈએ બેન્ક પર 31.80 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. યસ બેન્કને 8 મે, 2026ના રોજ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી એક નોટિફિકેશન મળ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, આરબીઆઈએ બેન્ક પર રૂ. 31.80 લાખનો દંડ ફટકાર્યો છે. યસ બેન્કના શેર 1.73 ટકાના વધારા સાથે રૂ. 22.90 પર બંધ થયા હતા. હવે આ સમાચારથી અસર સોમવારે બેન્કના શેર પર જોવા મળી શકે છે. યસ બેન્કના શેરમાં છેલ્લા એક મહિનામાં લગભગ 20 ટકાનો ઉછાળો આવ્યો છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

# અલ નિનોનો ડામ: એશિયામાં મોંઘવારીનો નવો 'હીટવેવ' વધવાની આશંકા

**અર્થતંત્ર** ક્રૂડના ભાવનો આંચકો પચાવી રહ્યા છે ત્યાં નવી મુશ્કેલી ગરમી વધતા ખાદ્યપદાર્થોના ભાવમાં ભડકો થશે

મુંબઈ, તા. 9 : એશિયામાં અલ નિનોથી ફુગાવાનો નવો ખતરો ઉભો થયો છે, કેમકે વધતા તાપમાન અને શુષ્ક હવામાનને કારણે ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થવાની શક્યતા છે. દેશમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને પગલે ક્રૂડના ભાવમાં આવેલી તેજીથી અર્થતંત્ર પર માઠી અસર થઈ રહી છે ત્યાં અલ નીનોથી ચીજવસ્તુઓના ભાવ વધી શકે છે તેવી આશંકા છે. ફિલિપાઈન્સ અને પાકિસ્તાન જેવા દેશોમાં પહેલેથી જ ફુગાવો વધી રહ્યો છે. આ વર્ષના અંતમાં અલ નિનો આ દબાણને વધુ તીવ્ર બનાવે તેવી ધારણા છે. આગામી ક્વાર્ટરમાં ખાદ્યપદાર્થોના ભાવમાં વધુ વધારો થવાની શક્યતા છે. તાજેતરના આંકડા દર્શાવે છે કે એશિયાના મોટાભાગના દેશોમાં ફુગાવો અનેક વર્ષની ટોચે પહોંચ્યો છે, જેનું મુખ્ય કારણ પરિવહન, લોજિસ્ટિક્સ અને ઉપયોગિતા ખર્ચમાં વધારો છે. સૌથી મોટો ઉછાળો ફિલિપાઈન્સ અને પાકિસ્તાનમાં જોવા મળ્યો, જ્યાં ફુગાવો અનુક્રમે 7% થી વધુ અને 11% સુધી વધ્યો છે. આ સ્થતિ વધુ વકરે તેમ લાગે છે કેમકે આ વર્ષના અંતમાં અલ નીનોને કારણે વધુ ગરમ અને સૂકું વાતાવરણ રહેશે અને ગરમી વધી જશે. એશિયાના ઉભરતા બજારોમાં ગ્રાહક ખર્ચમાં ખાદ્ય પદાર્થોનો હિસ્સો લગભગ 40-50% છે, જેના કારણે તેઓ ભાવમાં જોવા મળતા અચાનક વધારા અને આંચકા અને વાસ્તવિક આવકમાં ઘટાડો વધુ અસર કરે છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૨૦૦ |
| તેજાબી સોનું | ૧૫૬૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૩૯૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૩૦૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૫૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૬૮૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

# ખાદ્ય ચીજોના ભાવ રેકોર્ડ સ્તરે

**યુએનએ** કહ્યું કે, હજુય કિંમતો વધશે

નવી દિલ્હી, તા. 9. છેલ્લા ત્રણ વર્ષમાં વિશ્વભરમાં ખાદ્યપદાર્થોના ભાવ સર્વકાલીન ઊંચા સ્તરે પહોંચ્યા છે. યુનાઈટેડ નેશન્સ સાથે સંકળાયેલા ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન અનુસાર, એપ્રિલમાં ફૂડ કોમોડિટી પ્રાઈસ ઈન્ડેક્સમાં 1.6 ટકાનો વધારો થયો છે.

જે ગયા વર્ષની સરખામણીમાં 2.5 ટકા વધુ છે. આ ઉછાળાનું મુખ્ય કારણ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ છે. યુએનએ પણ વધુ ભાવવધારાની ચેતવણી આપી છે. હોર્મુઝ માર્ગ બંધ થવાથી મુશ્કેલીઓમાં વધારો થયો છે. ઈરાન યુદ્ધ 10 અઠવાડિયા જૂનું છે. જેના કારણે હોર્મુઝ માર્ગ બંધ છે. આ માર્ગે ડીઝલ અને ખાતર જેવી ખેતી માટે આવશ્યક ચીજવસ્તુઓની અવરજવર બંધ કરી દીધી છે.

ખાતર અને બળતણની ઊંચી કિંમતને કારણે ખેડૂતો માટે ખેતી કરવી મુશ્કેલ બની રહી છે, જેની સીધી અસર આગામી સમયમાં ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર પડશે.